પ્રતિ,
શ્રી વિજયભાઈ રૂપાણી,
મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

વિષય : ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા અંગે.

માનનીય મુખ્યમંત્રીશ્રી,

સવિનય નિવેદન કરવાનું કે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષની મુદત પૂરી થઈ છે અને અકાદમીના અધ્યક્ષપદે અન્ય વ્યક્તિની નિમણૂંક થવા જઈ રહી છે એવા અખબારી હેવાલોની અમે ગંભીરતાથી નોંધ લઈએ છીએ. અકાદમીની સ્વાયત્તતાના પુનઃસ્થાપનની એક તક આપ જવા દો છો, અને લાંબા સમયથી ગુજરાતી સાહિત્ય પરિષદ આપનું જે અનવસ્થા તરફ ધ્યાન દોરી રહી છે તે જેમની તેમ જારી રહે છે, એવી છાપ આ હેવાલોથી પડે છે તે કહેવાનું ન હોય. આપ આવી કોઈ કાર્યવાહી કરતાં પૂર્વે અક્ષરસેવી વર્તુળો સાથે લોકશાહી રાહે વિચારવિનિમય કરશો એવી અપેક્ષા છે.

પ્રફુલ્લ રાવલ
મહામંત્રી